BAOU
Education for All
स्वाध्यायः परमं तपः

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)



# જ્ઞાનગંગા

## ન્યૂઝ લેટર




વર્ષ : ૧૪ અંક : ૪૬ સપ્ટેમ્બર : ૨૦૨૦

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.
અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.
સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.
સંસ્કારોની સુગંધ મહેકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ ભવ્ય રાષ્ટ્ર નિર્માણ ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ... ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...



# કુલપતિશ્રીની કલમે...

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે વિદ્યાર્થી તરીકે જોડાવા બદલ આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું અને શુભકામનાઓ પાઠવું છું. ગુજરાત સરકારના ભગીરથ પ્રયાસોથી ઈ.સ. ૧૯૯૪માં સ્થાપિત ગુજરાતની આ એક માત્ર ઓપન યુનિવર્સિટી પોતાની સ્થાપનાનાં (૨૫) વર્ષ પૂર્ણ કરી ચૂકી છે, ત્યારે ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી શિક્ષણ મેળવવા ઈચ્છતા એક મોટા વર્ગની શિક્ષણ પિપાસા તૃપ્ત કરી શકે છે, તે ખરેખર ગર્વની બાબત છે. સમાજના પ્રત્યેક વર્ગને શિક્ષણની સમાન તક આપી 'સૌ ભણે, સુખ લણે!'ના સૂત્રને ચરિતાર્થ કરીને આ યુનિવર્સિટીએ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને એક ઉચિત અંજલિ આપી છે. યુનિવર્સિટીની આ વિદ્યાયાત્રામાં આપ પણ સહયાત્રી થયા છો, તે બદલ અભિનંદન.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ક્રમિક રીતે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. એક ખૂબ નાના ભવનમાં શરૂ થયેલી આ યુનિવર્સસિટી આજે ભૌતિક સુવિધાઓ અને ટેકનોલોજીથી સુસજ્જ અદ્યતન પરિસરમાં કાર્યરત છે. સમય સાથે કદમ મિલાવીને આજે યુનિવર્સિટીએ ઓનલાઈન પ્રવેશ, કેશલેસ કેમ્પસ, વર્ચ્યુઅલ ક્લાસરૂમ વગેરે જેવા અનેક આધુનિક પ્રકલ્પો સિદ્ધ કર્યા છે. યુનિવર્સિટી સ્ટેટ ઓફ ધ આર્ટ – ચૈતન્ય સ્ટુડિયોમાં વિદ્યાર્થીઓ માટે ઉત્તમ ગુણવત્તાના શૈક્ષણિક ઓડિયો વિઝ્યુઅલ કાર્યક્રમનું નિર્માણ થાય છે અને તે ગુજરાત સરકારની 'વંદે ગુજરાત-૧૬ ચેનલ' પરથી પ્રસારિત થાય છે. યુનિવર્સિટી દ્વારા આવા શૈક્ષણિક કાર્યક્રમો 'સ્વાધ્યાય ટેલિવિઝન' અને 'સ્વાધ્યાય રેડિયો'ના માધ્યમથી કથક, કમ્પ્યૂટર, પ્રૂફ રીડિંગ, યોગ, નેચરોપથી, નામુ વગેરે જેવા વૈવિધ્યસભર ઓનલાઈન અભ્યાસક્રમો નિઃશુલ્ક પૂરા પાડ્યા છે.

ડૉ. બાબાસાહેબ એવું દૃઢપણે માનતા હતા કે કોઈ પણ સમાજનો વિકાસ તે સમાજની મહિલાઓના વિકાસ પર નિર્ભર છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં મહિલાઓના અધ્યયનને પ્રોત્સાહન આપવા વિશિષ્ટ અભ્યાસક્રમો છે અને ઓછી ફીથી ભણવાની વ્યવસ્થા પણ છે. વધુમાં ખૂબ જ નજીકના ભવિષ્યમાં યુનિવર્સિટી પ્રત્યેક અભ્યાસક્રમોનું નવીનીકરણ કરવા જઈ રહી છે અને અનેક ઉપયોગી અને અદ્યતન અભ્યાસક્રમો અને વિશેષ તે નવા ઓનલાઈન અભ્યાસક્રમો પણ શરૂ કરવા જઈ રહી છે, જે ગુજરાતભરના વિદ્યાર્થીઓ માટે નવી તકો પૂરી પડશે અને આજના પડકારો માટે સુસજ્જ બનાવશે. યુનિવર્સિટી પોતાના પરિસરમાં પણ વિદ્યાર્થીઓ માટે અભ્યાસકેન્દ્ર શરૂ કરવા જઈ રહી છે, જ્યાં વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ પરામર્શનનો અનુભવ મેળવી શકશે. યુનિવર્સિટી દ્વારા વિશિષ્ટ-દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સ્પેશ્યલ લર્નર સેન્ટર શરૂ કર્યું છે, જે એક આગવો પ્રકલ્પ છે.

યુનિવર્સિટી દ્વારા સોશિયલ મીડિયા (વેબસાઈટ, ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ, વ્હોટ્સએપ) જેવાં માધ્યમો સાથે મોબાઈલ એપનો પણ ઉપયોગ કરી દરેક સંભવ માધ્યમ દ્વારા ગુજરાતના દરેક ખૂણે, દરેક જનસમૂહ તથા દરેક વયજૂથ સુધી પહોંચાડવા માટે અથાગ પ્રયત્ન કરી રહી છે. આ ઉપરાંત ક્રેડિટ ટ્રાન્સફર દ્વારા (S.Y./T.Y./M.A./ Part -૦૨માં) સીધો પ્રવેશ મેળવી શકે છે. ઓન ડિમાન્ડ એક્ઝામ દ્વારા વિદ્યાર્થીઓની ભણવાની તકો, વ્યાપમાં વધારો અને સુવિધાનો વધારો કરી મૈત્રીપૂર્ણ વાતાવરણ ઊભું કરવાની દિશામાં અગ્રેસર બની છે. ગુજરાતભરમાં અલગ – અલગ પ્રાદેશિક કેન્દ્રો રાજકોટ, ભુજ, સુરત, પાટણ, છોટાઉદેપુર અને ભાવનગર આમ છ (૬) કેન્દ્રોને કાર્યરત કરી વિદ્યાર્થીઓ અને અભ્યાસકેન્દ્રો વચ્ચેના તાલમેળને વધુ સુસજ્જ કરવાનો પણ નમ્ર પ્રયાસ કર્યો છે.

શિક્ષણની ગુણવત્તાને વધારવા અને શિક્ષણ પ્રદાન કરતી પ્રક્રિયાની ગુણવત્તા વધારવા શિક્ષણશાસ્ત્રીઓ, નોકરીદાતાઓ તથા વિદ્યાર્થીઓ તરફથી આવતી ટિપ્પણીઓ અને સૂચનો પર હું હૃદયપૂર્વક ધ્યાન આપીશ. હું સમાજના દરેક હિસ્સેદારને આ જ્ઞાનની અવિરત યાત્રામાં સાથે જોડાવા માટે આમંત્રણ પાઠવું છું.



કુલપતિશ્રી
પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા જુલાઈ ૨૦૨૦ થી સપ્ટેમ્બર ૨૦૨૦ દરમ્યાન લેવાયેલા નિર્ણયોની ઝાંખી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જે ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત એક માત્ર ઓપન યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટી સ્નાતક અને અનુસ્નાસ્તક સહિત વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવે છે. આ યુનિવર્સિટી શિક્ષણ મેળવવા ઉચ્છુક અને મહત્ત્વાકાંક્ષી પ્રત્યેક વ્યક્તિ માટે ઘરે બેઠા અભ્યાસ કરવાની અમૂલ્ય તક પૂરી પાડે છે, ત્યારે આ યુનિવર્સિટી દ્વારા જુલાઈ-૨૦૨૦ માં બીજા અનેક ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. UGC ગાઈડલાઈન્સ અન્વયે, આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી એક સાથે બે ડિગ્રી પ્રાપ્ત કરી શકે છે. એક રેગ્યુલર મોડમાં અને બીજી ડિસ્ટન્સ લર્નિંગ મોડમાં.

યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થી પ્રવેશ મેળવી વર્ષાન્તે પરીક્ષા આપ્યા બાદ ઉતીર્ણ થતો નથી. તે વિદ્યાર્થીઓ માટે exam on demandનો નિર્ણય લેવાયો અને યુનિવર્સિટીના Ordinanceની હાલની જોગવાઈ અનુસાર પરિણામના ‘રિ-ચેકિંગ’ની સુવિધાઓ તો છે જ પરંતુ વિદ્યાર્થીઓની અરજને ધ્યાને લઈ ‘રી-એસેસમેન્ટ’ની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગેના નિયમો અનુસાર અમલીકરણ કરાયું છે. જયારે અન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકના પ્રથમ વર્ષમાંથી બીજા વર્ષમાં અથવા બીજા વર્ષમાંથી ત્રીજા વર્ષમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી શકાશે. યુનિવર્સિટી દ્વારા ‘ક્રેડિટ ટ્રાન્સફર’ કરી પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ સાથે જુલાઈ – ૨૦૨૦ પ્રવેશ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓ SWAYAM PORTAL પર MOOCS અભ્યાસક્રમ અંતર્ગત સ્નાતક – અનુસ્નાતક અભ્યાસક્રમ સાથે કરી શકાય તેવા વિવિધ અભ્યાસક્રમોમાં CBCS SYSTEM હેઠળ વિદ્યાર્થીઓ જાતે પસંદ કરી શકે તેવી વિપુલ તક આપવામાં આવી છે.

યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા અંદાજે ત્રણ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઓનલાઈન અથવા તો દૂરવર્તી અભ્યાસ કરી રહ્યા છે. તો આ વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન માટે ૧.૫ લાખથી વધારે લેકચરના વિડિયો તૈયાર કરાયા છે. યુનિવર્સિટીમાં અપાતી અલગ અલગ સુવિધા - યોજનાઓ અને જુલાઈ – ૨૦૨૦માં જાહેર કરેલા અભ્યાસક્રમોની યાદી સામેના પાન પર આપવામાં આવી છે.



## જુલાઈ ૨૦૨૦માં યુનિવર્સિટી દ્વારા નવા શરૂ થયેલા ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ

### વોકેશનલ અને પ્રોફેશનલ કોર્સ (ડિપ્લોમા કોર્સ )

- ડિપ્લોમા ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (ડીબીએ)
- ડિપ્લોમા ઈન કમ્પ્યુટર એપ્લિકેશન (ડીસીએ)
- ડિપ્લોમા ઈન મલ્ટિમીડિયા એન્ડ એનિમેશન (ડીએમએ)
- ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશન (ડીજેએમસી)
- ડિપ્લોમા ઈન ફેશન ડિઝાઈનિંગ (ડીએફડી)

### સર્ટિફિકેટ કોર્સ

- સર્ટિફિકેટ ઈન ઓડિયો એન્ડ વિડિયો ટેકનોલોજી (સીએસએવીટી)
- સર્ટિફિકેટ ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશન(સીજેએમસી)
- સર્ટિફિકેટ ઈન ફેશન ડિઝાઈનિંગ (સીએફડી)

### પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ

- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મોબાઈલ એપ્લિકેશન ડેવલપમેન્ટ (પીજીડીએમએડી)
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન સાયબર સિક્યુરિટી (પીજીડીસીએસ)
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન સાયબર લો (પીજીડીસીએલ)
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (પીજીડીબીએ)
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફાઈનાન્સ (પીજીડીએફ)
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન માર્કેટિંગ (પીજીડીએમ)
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન હ્યુમન રિસોર્સ (પીજીડીએચઆર)
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કમ્પ્યુટર એપ્લિકેશન (પીજીડીસીએ)

### બેચલર કોર્સ

- બેચલર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન
- બેચલર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન (મલ્ટિમીડિયા)
- બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન
- બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (એર ટ્રાવેલ મેનેજમેન્ટ)

### માસ્ટર કોર્સ

- માસ્ટર ઓફ સોશિયલ વર્ક

યુનિવર્સિટી દ્વારા જુલાઈ ૨૦૨૦માં આ નવા અભ્યાસક્રમો જાહેર કરવામાં આવ્યા છે. જે ગુજરાતના લાખો શિક્ષણ વંચિત જિજ્ઞાસુઓ માટે દૂરવર્તી શિક્ષણ જગતમાં આ નવી શરૂઆત બની રહી છે.

## BAOUના સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સાથે MOU







ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ગુજરાત રાજ્યના લોકો તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને વધારવાના ઉદ્દેશ સાથે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સાથે MOU કર્યા છે. ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય અને રજિસ્ટ્રારશ્રી ભાવિન ત્રિવેદી દ્વારા MOU પર હસ્તાક્ષર કરાયા હતા. આ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીની ફિટ ઈન્ડિયા મૂવમેન્ટમાં સહભાગી બનવાની દિશામાં 'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન'નું લોન્ચિંગ પણ કરાયું હતું.

## BAOUના આઈટી કંપનીઓ સાથેના MOU

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પોતાની ભૂમિકા માત્ર શિક્ષણ આપવા પૂરતી જ સીમિત રાખી નથી, પરંતુ તે વિદ્યાર્થીઓના વ્યાવસાયિક વિકાસ અને આજીવિકા માટે પણ પ્રયત્નશીલ રહે છે. યુનિવર્સિટી વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક ઉપરાંત વ્યાવહારિક જ્ઞાન પણ સાંપડે, એ માટે સતત પ્રયત્નશીલ રહે છે. યુનિવર્સિટી શિક્ષણ અને ઉદ્યોગોને જોડતી કડી રૂપ ભૂમિકા પણ ભજવી રહી છે. આ દિશામાં આગળ વધવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પોતાની સ્કૂલ ઑફ કોમ્પ્યૂટર સાયન્સને આઈટી કંપનીઓ સાથે જોડવા માટે કેટલાક MOU કર્યા છે. ૨૨મી જૂન, ૨૦૨૦ના દિવસે સાઈબર પીસ ફાઈન્ડેશન, Arihant Satiate, Ahmedabad તથા Yudiz Solution Pvt. Ltd., Ahmedabad સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ MOU પર હસ્તાક્ષર કર્યા હતા. ૨૫મી જૂન, ૨૦૨૦ના રોજ Tiny ERT Pvt. Ltd, Gandhinagar સાથે MOU કરવામાં આવ્યા, જે અંતર્ગત અન્ય પ્રવૃત્તિઓની સાથે સાથે યુનિવર્સિટીના કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે ટૂલ ડિઝાઈનિંગ માટે સંશોધન કેન્દ્રની સ્થાપના થશે. જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેમ્બર, ૨૦૨૦ના ગાળામાં કમ્પ્યૂટર વિભાગ દ્વારા આઈટી કંપનીઓ સાથે થયેલા MOUની વિગતો નીચે આપેલી છે:

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તા.૧૪/૦૭/૨૦૨૦ના રોજ InfoPercept Consulting Pvt. Ltd., Ahmedabad સાથે જોડાઈ, જે અંતર્ગત યુનિવર્સિટીના વિદ્યાર્થીને સંસ્થા અને ઉદ્યોગો વચ્ચે તકનીકી જ્ઞાનના આદાનપ્રદાન સાથે, કોન્ફરન્સ, વર્કશોપ અને સેમિનારનો બહોળો લાભ મળે તથા વિદ્યાર્થીઓની કાર્યક્ષમતાના આધારે કંપનીમાં પ્લેસમેન્ટની તકો સર્જાય થાય, તે સંદર્ભે MOU પર હસ્તાક્ષર કરાયા હતા.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ તા.૧૭/૦૭/૨૦૨૦ના રોજ EletroMech Corporation, Ahmedabad સાથે જોડાઈ. જેમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઔધોગિક સંસ્થાના માધ્યમથી તાલીમ તથા વિષય તજજ્ઞોના જ્ઞાનનો લાભ મળે અને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ ઈન્ટર્નશિપ તેમજ લઘુ પ્રોજેક્ટનો લાભ પણ લઈ શકે, તે સંબંધિત MOU પર હસ્તાક્ષર કરાયા.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તા. ૩૦/૦૯/૨૦૨૦ના રોજ Silicon IT Hub Pvt. Ltd., Ahmedabad સાથે જોડાઈ. આ શૈક્ષણિક અને ઓદ્યોગિક સંસ્થાના જોડાણ અંતર્ગત યુનિવર્સિટીના ગુજરાતભરના વિદ્યાર્થીઓને ઉદ્યોગ અને શિક્ષણને જોડવા માટે MOU પર હસ્તાક્ષર કર્યા. MOU અંતર્ગત શૈક્ષણિક પ્રવૃત્તિઓ, તાલીમ અને સંશોધન-કાર્યો આગળ ધપાવાશે.

# સિદ્ધિઓ / એવોર્ડ્સ

## ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ ક્ષેત્રે યોગદાન બદલ સન્માન

કૉમનવેલ્થ એજ્યુકેશનલ મીડિયા સેન્ટર ફોર એશિયા (CEMCA), ઇન્ડિયન ડિસ્ટન્સ એજ્યુકેશન એસોસિએશ (IDEA) અને મુંબઈ યુનિવર્સિટીની ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિસ્ટન્સ એન્ડ ઓપન લર્નિંગ, (IDOL) દ્વારા ૨૪મી IDEA નેશનલ કોન્ફરન્સ ૧૭ અને ૧૮ જુલાઈ, ૨૦૨૦ના દિવસોમાં યોજાઈ હતી, જેનો વિષય હતો 'ઇમર્જિંગ પરસ્પેક્ટિવ ઑફ ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ'. આ નેશનલ કોન્ફરન્સ દરમિયાન ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ એડમિનિસ્ટ્રેશનના ક્ષેત્રમાં બહુમૂલ્ય યોગદાન આપવા બદલ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો.ડૉ. અમી ઉપાધ્યાયને 'એવોર્ડ ફોર ઓનર'થી સન્માનવામાં આવ્યાં હતાં.

## એનજીએસ વાઈબ્રન્ટ લીડરશીપ એવોર્ડ્સ ૨૦૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયને તા. ૧૩/૦૯/૨૦૨૦ના રોજ ઉચ્ચ શિક્ષણના ઇનોવેટિવ પ્રેક્ટિસીસમાં શ્રેષ્ઠતા માટે માનનીય ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા પ્રસ્તુત 'એનજીએસ વાઈબ્રન્ટ લીડરશીપ એવોર્ડ્સ ૨૦૨૦' એનાયત કરાયો છે.

## શ્રેષ્ઠ કુલપતિ એવોર્ડ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયને ૧૩/૦૯/૨૦૨૦ના રોજ ઓપન યુનિવર્સિટીઓના 'સર્વશ્રેષ્ઠ કુલપતિ' તરીકે ગોલ્ડન એઇમ (રાષ્ટ્રીય) એવોર્ડથી નવાજવામાં આવ્યાં છે.



Indian Distance Education Association

confer an Award of Honour
on

Dr. Ami Upadhyay
Vice Chancellor
Dr. Babasaheb Ambedkar Open University

for achievement as
Open and Distance Learning Administrator
declared on the occasion of

24th IDEA National Conference
on
Emerging Perspectives of Open and Distance Learning
held on 17th -18th July, 2020

Organised by
University of Mumbai
Institute of Distance and Open Learning
*in association with*
Indian Distance Education Association
&
Commonwealth Educational Media Centre for Asia

Dr. K. Murali Manohar
President
Indian Distance Education Association


Dr. Romesh Verma
Secretary General
Indian Distance Education Association



# વ્યાખ્યાનમાળા
# રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦


## તા.૦૩/૦૯/૨૦૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.૦૩/૦૯/૨૦૨૦ થી તા. ૦૮/૦૯/૨૦૨૦ દરમિયાન 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦' પર વેબિનાર શ્રેણીનું આયોજન કર્યું હતું. આ અંતર્ગત તા.૦૩/૦૯/૨૦૨૦ના રોજ આ શ્રેણીમાં ઉપસ્થિત રહેનાર તમામ અતિથિઓનું ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે સ્વાગત કર્યું અને 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦' પ્રત્યેનો ઉત્સાહ વ્યક્ત કર્યો. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજીએ તેમના વિડિયો સંદેશથી ઉદ્‌ઘાટન સત્રને આશીર્વાદ આપ્યા હતા. ગુજરાતના માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજી ઉપસ્થિત રહ્યા હતા, તેમજ ઉદ્‌ઘાટન સત્રના અધ્યક્ષ તરીકે સંબોધન કર્યું હતું. આ વેબિનારમાં ડો. સચ્ચિદાનંદ જોશી, (ભારતીય શિક્ષણ મંડળના રાષ્ટ્રીય અધ્યક્ષ) શ્રીમતી ડૉ. પંકજ મિત્તલ, (મહાસચિવ, ભારતીય યુનિવર્સિટીના એસોસિએશન), પ્રો.યોગેશ સિંઘ, (દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ), મુખ્ય મહેમાનો અને વક્તાઓ તરીકે જોડાયા હતા. આ વેબિનાર શ્રેણીમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકેડેમિક પ્લાનિંગ બોર્ડના સભ્યો, સેનેટ સભ્યોને આમંત્રિત કરાયા હતા. મુખ્ય વક્તા તરીકે સિન્ડિકેટ, મેનેજમેન્ટ પ્રતિનિધિઓ, પ્રોફેસરો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.




## તા.૦૪/૦૯/૨૦૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ તા.૦૩/૦૯/૨૦૨૦ થી તા. ૦૮/૦૯/૨૦૨૦ દરમિયાન 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦' પર વેબિનાર શ્રેણીનું આયોજન કર્યું હતું. આ અંતર્ગત તા.૦૪/૦૯/૨૦૨૦ વેબિનાર શ્રેણી માટે આમંત્રિત મહેમાનોનું ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે ટૂંકમાં પરિચય આપી, સૌનું સ્વાગત કર્યું . પ્રો. કમલ મહેતા, (સભ્ય, મેનેજમેન્ટ બોર્ડ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)એ 'ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન' વિષય પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. શ્રી જયેશ વ્યાસ, (સભ્ય, મેનેજમેન્ટ બોર્ડ, ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)એ 'વધુ સાફલ્યદાયી અને મલ્ટિડિસિપ્લિનરી શિક્ષણ તરફ' વિષય પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. શ્રીમતી વર્ષા દોશીએ 'સમાન અને વ્યાપક શિક્ષણ : બધા માટે' વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. ડૉ. નીરજા અરુણે 'નવા રાષ્ટ્રીય સંશોધન ફાઉન્ડેશન દ્વારા તમામ ક્ષેત્રોમાં ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સંશોધનને પ્રોત્સાહિત કરવું' વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતાં. 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦'ના જુદા જુદા મુદ્દાઓ વિશે મહાનુભાવોને સાંભળવાનો સહભાગીઓ માટે સમૃદ્ધ અનુભવ હતો.




## તા.૦૫/૦૯/૨૦૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ તા.૦૩/૦૯/૨૦૨૦ થી તા.૮/૦૯/૨૦૨૦ દરમિયાન ‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦’ વિષય પર વેબિનાર શ્રેણીનું આયોજન કર્યું હતું. આ અંતર્ગત તા. ૦૫/૦૯/૨૦૨૦ના રોજ વેબિનાર શ્રેણી માટે આમંત્રિત મહેમાનોનું ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે સૌનું સ્વાગત કર્યું. આ વેબિનાર શ્રેણીમાં શ્રી કિશોર મકવાણા, (સભ્ય, મેનેજમેન્ટ બોર્ડ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)એ ‘એડલ્ટ એજ્યુકેશન એન્ડ લાઈફ લૉંગ લર્નિંગ’ વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું. પ્રો. જગદીશ જોષીએ ‘શિક્ષકો અને શિક્ષક શિક્ષણ’ વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. શ્રી સુનિલ શાહે ‘વ્યાવસાયિક શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણની પરિકલ્પના’ વિશે વિસ્તૃત માહિતી આપી. ડૉ. અવની ત્રિવેદી, (એકેડેમિક પ્લાનિંગ બોર્ડના સભ્ય, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)એ ‘ઉચ્ચ શિક્ષણની નિયમનકારી વ્યવસ્થા અને પરિવર્તન’ વિષય પર વાત કરી હતી.



## તા.૦૬/૦૯/૨૦૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ તા.૦૩/૦૯/૨૦૨૦ થી તા. ૦૮/૦૯/૨૦૨૦ દરમિયાન ‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦’ વિષય પર વેબિનાર શ્રેણીનું આયોજન કર્યું હતું. આ અંતર્ગત તા.૦૬/૦૯/૨૦૨૦ના રોજ વેબિનાર શ્રેણી માટે આમંત્રિત મહેમાનોનું ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે સૌનું સ્વાગત કર્યું. આ વેબિનાર શ્રેણીમાં ડૉ. દિવ્યા પટેલ (સભ્ય, મેનેજમેન્ટ બોર્ડ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)એ ‘શ્રેષ્ઠ લર્નિંગ એન્વાયર્નમેન્ટ્સ એન્ડ સ્ટુડન્ટ્સ સપોર્ટ’ વિષય પર વકતવ્ય આપ્યું. શ્રી જયેન્દ્રસિંહ જાદવ, (અધ્યાપક, ગુજરાત યુનિવર્સિટી)એ ‘પ્રેરણાદાયી, ઉત્સાહિત અને સક્ષમ ફેકલ્ટી’ પર વાત કરી. ડૉ. શિરીષ કાશીકર, (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કમ્યૂનિકેશન એન્ડ જર્નાલિઝમના ડિરેક્ટર)એ ‘ગુણવત્તાયુક્ત યુનિવર્સિટીઓ અને કોલેજોઃ ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી અને સંસ્થાકીય પુનર્ગઠન અને એકત્રીકરણ માટે એક નવી દ્રષ્ટિ’ વિશે વિસ્તૃત સમજૂતી આપી, તો, ડૉ. મયુરી ભાટિયા (ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત વિષયના અધ્યાપક)એ ‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સંસ્કૃતનું સ્થાન’ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.



### તા.૦૭/૦૯/૨૦૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ તા.૦૩/૦૯/૨૦૨૦ થી તા. ૦૮/૦૯/૨૦૨૦ દરમિયાન 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦' પર વેબિનાર શ્રેણીનું આયોજન કર્યું હતું. આ અંતર્ગત તા. ૦૭/૦૯/૨૦૨૦ના રોજ વેબિનાર શ્રેણીમાં જોડાયેલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે સૌનું સ્વાગત કર્યું. આ વેબિનાર શ્રેણીમાં વિવિધ સંસ્થાઓ અથવા શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦' પર તેમનાં મંતવ્યો આપ્યાં હતાં. દીપા નાડકર્ણી (શિક્ષક), શૈલજા નિમાવત (વિદ્યાર્થી, પીડીપીયુ), કુમારજીત દે (વિદ્યાર્થી, આનંદ નિકેતન સ્કૂલ), રીવા રચ(વિદ્યાર્થી, મીઠાભાઈ કૉલેજ), તરુણ વ્યાસ (શિક્ષક)ને વક્તા તરીકે આમંત્રિત કર્યા હતા. તેઓએ માતૃભાષા, કૌશલ્ય વિકાસ, આત્મનિર્ભર, નીતિનું અમલીકરણ અને ૨૧મી સદીની જરૂરિયાત, બહુભાષીયતા, તકનીકી કુશળતા અને બહુવિધ એક્સપોઝરના વિકલ્પ વગેરેના મહત્ત્વ પર વાત કરી, તેઓ 'નવી રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ ૨૦૨૦' માટે ખૂબ જ સકારાત્મક અને ઉત્સાહી છે.



### તા.૦૮/૦૯/૨૦૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦' પર વેબિનાર શ્રેણીનું આયોજન કર્યું હતું. આ અંતર્ગત તા. ૦૮/૦૯/૨૦૨૦ના રોજ વેબિનાર શ્રેણીમાં જોડાયેલ મહેમાનોનું ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે સ્વાગત કર્યું. આ વેબિનાર શ્રેણીમાં ડૉ. રૂપાલ માંકડ, (આસિસ્ટન્ટ પ્રોફેસર, દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, જામનગર) દ્વારા 'શિક્ષક શિક્ષણ' વિષય પર વક્તવ્ય આપવામાં આવ્યું. શ્રી કમલ મંગલ, (સ્થાપક અને અધ્યક્ષ, આનંદનિકેતન સ્કૂલ, અમદાવાદ)એ 'સ્કૂલ કોમ્પ્લેક્સ/ક્લસ્ટરો દ્વારા કાર્યક્ષમ રિસોર્સિંગ અને અસરકારક શાસન અને શાળાના શિક્ષણ માટે ધોરણ-નિર્ધારણ અને માન્યતા' વિષય પર વાત કરી હતી.



આમ, આ વેબિનાર શ્રેણી તા.૦૩/૦૯/૨૦૨૦ થી તા. ૦૮/૦૯/૨૦૨૦ સુધી ગૂગલ મીટ વર્ચ્યુઅલ માધ્યમથી ખૂબ સફળ રહી હતી.

## 'ઉદારવાદી અધ્યયનનું ભવિષ્ય' પર વેબિનાર


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. ૧૫/૦૯/૨૦૨૦ના રોજ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦'ના વિશેષ સંદર્ભ સાથે વેબિનાર 'ધ ફ્યુચર ઓફ લિબરલ સ્ટડીઝ' (ઉદારવાદી અધ્યયનનું ભવિષ્ય) વિષય સાથે વ્યાખ્યાનમાળાનું માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.


રાષ્ટ્રીય શિક્ષણ આ વેબિનારમાં મુખ્ય વક્તા તરીકે (ઋષિહૂડ યુનિવર્સિટી)ના માનનીય કુલપતિશ્રી, કમલેશ મિશ્રા હાજર રહ્યા હતા. તેમણે 'ન્યૂ નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦' એટલે કે 'શિક્ષણ ક્ષેત્રે વ્યવસ્થિત પરિવર્તન, અભ્યાસક્રમ અને ઉદારવાદી અધ્યયનના સંદર્ભમાં શિક્ષણ' વિષયના પર વાત કરી. તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના વિવિધ મહત્ત્વના પાસાઓ જેવાં કે સર્વગ્રાહી વિકાસ, વિદ્યાર્થી વિકાસની તકો, વિદ્યાર્થી કેન્દ્રિત શિક્ષણ વગેરે અંગે તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. આ વેબિનારનું સંચાલન ડૉ. બન્ની વાઘેલા, (આસિસ્ટન્ટ પ્રોફેસર અંગ્રેજી) દ્વારા કરવામાં આવ્યું હતું.




## હિન્દી દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીસ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪/૦૯/૨૦૨૦ને સોમવારે વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા 'હિન્દી દિવસ' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.. આ કાર્યક્રમ માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની પ્રેરણા અને માર્ગદર્શન દ્વારા આયોજિત થયો. આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. વિરલ પટેલે મહેમાનોને આવકાર્યા હતા, ત્યારબાદ ડૉ. વનમાલા બાવીસ્કરે હિન્દી દિવસનું મહત્ત્વ ટૂંકમાં સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં હિન્દી સર્જકોની કૃતિઓની સુંદર રજૂઆતોની સાથે તેમના દ્વારા રચિત કવિતાઓ પણ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ વાંચી હતી. અને કાર્યક્રમનું સમાપન ડૉ. અર્ચના મિશ્રાએ આભાર વિધિ સાથે કર્યું હતું.







## 'ભારતીય ઈતિહાસમાં સંશોધન અને સંશોધનમાં ભારતીય ઈતિહાસ વિષય' પર નેશનલ વેબિનાર


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા "भारतीय इतिहास में अनुसंधान और अनुसंधान में भारतीय इतिहास" વિષય ઉપર એક દિવસની રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન તા.૦૩/૦૭/૨૦૨૦ના રોજ આદરણીય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાજીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ.

વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી યોજાયેલ સંગોષ્ઠીનાં ઉદ્ઘાટન સત્રમાં સંગોષ્ઠીના સંરક્ષક અને યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, મુખ્ય વક્તા તરીકે ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત ઈતિહાસ સંશોધન કેન્દ્રના અધ્યક્ષ માનનીય પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા તથા ભારતીય શિક્ષા મંડળના આયોજન સચિવશ્રી માનનીય મુકુલ કાનિટકરની વિશેષ ઉપસ્થિતમાં ગુજરાત અને ગુજરાત બહારની અલગ અલગ યુનિવર્સિટી, કોલેજોના અધ્યાપકો, સંશોધકો, અન્ય વિદ્યાર્થીઓ તથા યુનિવર્સિટી પરિવારના સભ્યો એમ કુલ ૧૨૯ ભાગ લેનાર લોકો વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા ઉપસ્થિત રહ્યા હતા. માનનીય મુકુલ કાનિટકરજી દ્વારા ભારતીય ઈતિહાસનાં અનુસંધાનમાં અલગ અલગ સમૂહના લેખકો દ્વારા અલગ અલગ દ્રષ્ટિકોણથી લખાયેલ ઈતિહાસને અનેક ઉદાહરણ દ્વારા સમજાવી અને સાથે સાથે ભારતીય દ્રષ્ટિકોણથી ભારતીય ઈતિહાસને નવેસરથી લખવાની જરૂરિયાત અને આવશ્યકતાઓ વિશે જણાવ્યું. રાજા–મહારાજાનો ઈતિહાસ નહિ પણ જન-જનનો ઈતિહાસ લખવા પર નિર્દેશ કર્યો. માનનીય પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યાજી દ્વારા ઈતિહાસ, રાષ્ટ્ર અને ભારત ત્રણે વાતને જોડી ભારતના ઐતિહાસિક તથ્યોની વાત કરી તથા ભારતીય ઈતિહાસ ચેતના અને અસ્મિતાનો ઈતિહાસ છે તેમ જણાવ્યું, સાથે તેમણે ગુજરાત અને પ્રાદેશિક ઈતિહાસ વિશેની વાત કરી જેમાં ગુજરાતમાં સિન્ધુખીણની સંસ્કૃતિનો વારસો લઈને જીવતા લોથલથી માંડી, સ્વતંત્રતામાં પ્રદાન આપવાવાળા વીર ગુજરાતી સપુતોનાં બલિદાનોની વાત કરી. ઈતિહાસમાં પ્રાદેશિક ઈતિહાસનું મહત્ત્વ અને આવશ્યકતા વિશે પણ એમણે ચર્ચા કરી. સંગોષ્ઠીના સંરક્ષક અને યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય દ્વારા "ना मुलम लिख्यते किंचित" તથા HISTORY જે HIS STORY જે ઈતિહાસ લખવાવાળાનો પર્સ્પેક્ટીવ રજૂ કરે છે તે વિશે વાત કરી. સાથે તેમણે ભારતીય ઈતિહાસ વિનાશ અને ગુલામીનો નહિ પણ સંઘર્ષ અને સાહસનો છે, ઈતિહાસ દ્વારા પ્રાચીન ભારતથી મહિલા સશક્તિને ઉજાગર રાખેલ ગર્વિત મહિલાઓ વિશે વાત કરી. આદરણીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજી અનિવાર્ય સંજોગોને કારણે હાજર રહી શક્યા ન હતા, પરંતુ તેમની અનુમતિ અને આશીર્વાદથી ઉપરોક્ત સંગોષ્ઠીની શરૂઆતના ઉદ્ઘાટન સત્રમાં ડૉ. સોનલ ચૌધરી (ઈતિહાસ વિભાગ) દ્વારા આમંત્રિત મહેમાનોનો આભાર વ્યક્ત કરી પ્રથમ સત્ર પૂરું કરવામાં આવ્યું.




બીજા સત્રમાં સંશોધનકર્તાઓએ તૈયાર થયેલા સંશોધન-પત્રોની રજૂઆતનું આયોજન કરવામાં આવેલ. જેમાં વર્ચ્યુઅલ માધ્યમથી ગુજરાત અને ગુજરાત બહારના કુલ ૨૫ (પચ્ચીસ) સંશોધન કર્તાઓ એ પોતાના પેપરની રજૂઆત કરી. શોધપત્રોની રજૂઆતના પ્રથમ સત્રમાં પ્રો. (ડૉ.) અરુણ વાઘેલા- (અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી) થી વર્ચ્યુઅલ માધ્યમથી સેશન ચેર તરીકે જોડાયા હતા, જેમાં ૧૨ (બાર) સંશોધન કર્તા દ્વારા પોતાના શોધપત્રો રજૂ કરવામાં આવ્યા તથા બીજા સંશોધન-પત્રોની રજૂઆતના સત્રમાં પ્રો. (ડૉ.) અનસૂયા ચોથાણી (પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)થી સેશન ચેર તરીકે જોડાયેલાં હતા, જેમાં ૧૩ (તેર) સંશોધન કર્તા દ્વારા પોતાના શોધપત્રો રજૂ કરવામાં આવ્યા. વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી રજૂ કરેલ આ સંશોધન-પત્રોમાં પ્રાદેશિક અને જન-સામાન્યનાં ઈતિહાસ વિશેનાં સંશોધન વિશેની રજૂઆત કરવામાં આવેલ. સંગોષ્ઠીનું સમગ્ર આયોજન માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અને યુનિવર્સિટીના સમગ્ર કાર્મચારીના સહયોગથી સ્કૂલ ઓફ હ્યુમનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસના ઈતિહાસ વિભાગ દ્વારા કરવામાં આવેલ.










## શિક્ષક દિન નિમિત્તે વેબિનાર
## ‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને શાળા શિક્ષણ’

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.૦૫/૦૯/૨૦૨૦ના રોજ શિક્ષક દિન નિમિત્તે શિક્ષણશાસ્ત્ર વિભાગ દ્વારા ‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને શાળા શિક્ષણ’ વિષય પર માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમીબેન ઉપાધ્યાયની અધ્યક્ષતામાં વર્ચ્યુઅલ માધ્યમથી વેબિનારનું આયોજન કરવામાં આવેલ. કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ તરીકે શ્રી મિલિન્દ મરાઠેજી, (પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ, **ABVP**) અને શ્રી સંદીપ જોષીજી (શ્રી યશવંત રાવજી કલેકર પુરસ્કાર વિજેતા, **NCTE** સદસ્ય)એ મનનીય વ્યાખ્યાન આપેલ. વક્તાશ્રીઓએ ‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં શાળા શિક્ષણ’ માટેની જોગવાઈઓ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી સંદીપ જોષીએ કોઈપણ જાતના ખર્ચ વગર શાળાના વર્ગખંડ માટે કેટલાક ઉપયોગી, અસરકારક નવા વિચારોની માહિતી આપી હતી. માન. કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમીબેન ઉપાધ્યાયજીએ પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ માટે શિક્ષકોની મહત્ત્વની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આ વેબિનારમાં ૭૭૧ વ્યક્તિઓએ ભાગ લીધેલ જેમાં મોટાભાગના પ્રાથમિક/માધ્યમિક કક્ષાએ કાર્યરત શિક્ષકો હતા. જયારે **Facebook** પર ૮,૯૧૪ વ્યક્તિઓએ તેનું જીવંત પ્રસારણ નિહાળેલ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર વિભાગના નિયામકશ્રી પ્રો. (ડૉ.) અજિતસિંહ રાણા એ કર્યું હતું. આ વેબિનાર આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ખૂબ સફળ રહ્યો.



## ક્વિઝના આયોજન થકી બંધારણ સ્મૃતિ દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત **UGC**ના તા. ૨૨-૧૧-૨૦૧૯ના પત્ર અન્વયે ૭૦માં ભારતીય બંધારણ દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે તા. ૨૯/૦૭/૨૦૨૦ના રોજ COVID-19ની મહામારીને ધ્યાને લઈ વર્ચ્યુઅલ માધ્યમથી ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર- Lib.Sci.) અને ડૉ. હિમાંશુ પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર કોમ્પ્યૂટર સાયન્સ)ની કામગીરી હેઠળ ભારતીય બંધારણ વિષયની ઓનલાઈન એક કલાકની ક્વિઝનું આયોજન કરવામાં આવેલ. આ ક્વિઝમાં આશરે ૪૦૦૦ વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના બિનશૈક્ષણિક સ્ટાફે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. અને તે તમામને ઓનલાઈન સર્ટિફિકેટ અપાયા. તમામ સહભાગીઓએ આ ક્વિઝને ખૂબ જ આનંદપૂર્વક માણી હતી.

## ડૉ. એસ.આર. રંગનાથનના જન્મદિવસની ઉજવણી
## લાઈબ્રેરિયન ડે

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અનુસાર તા. ૧૪/૦૮/૨૦૨૦ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ડૉ. એસ.આર. રંગનાથનના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ‘લાઈબ્રેરિયન્સ ડે’ નિમિત્તે ઓનલાઇન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું. સમગ્ર સ્પર્ધાનું સંકલન ડૉ. પ્રીયાંકી વ્યાસ અને ડૉ. હીના અંકુયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં રજીસ્ટ્રેશન રાખવામાં આવેલ ન હતું. આ ક્વિઝમાં ભાગ લેવા માટે આપેલ લિંક પર ક્લિક કરતા ક્વિઝ શરૂ થાય એવું આયોજન કરેલ. જેમાં તા.૧૪/૦૮/૨૦૨૦ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક થી ૧૨:૩૦ કલાક સુધી આ લિંક એક્ટીવ રહે તેવા પ્રકારે આયોજન કરવામાં આવેલ હતું. આ ક્વિઝમાં કુલ ૩૦ ગુણના ૩૦ બહુ વૈકલ્પિક પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના માટે કોઈપણ પ્રકારનું નેગેટિવ માર્કિંગ રખાયું નહોતું. આ ક્વિઝના પ્રશ્નોનું મૂલ્યાંકન ઓનલાઈન આપોઆપ થાય તથા ૪૦%થી વધારે ગુણ મેળવેલ ઉમેદવારોને ક્વિઝ પૂર્ણ થાય કે તરત એમના ઈમેલ પર નીચે દર્શાવેલ ફોરમેટ મુજબનું ઈ-સર્ટિફિકેટ મળે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ક્વિઝમાં કુલ ૩૧૩ ઉમેદવારોએ ભાગ લીધો હતો. ક્વિઝમાં ૮૦% ઉમેદવારોએ સફળતા પ્રાપ્ત કરી હતી. આ ક્વિઝને વર્ચ્યુઅલ માધ્યમની ઉત્તમ સુવિધા માટે મદદરૂપ થનાર ડૉ. હિમાંશુ પટેલનો સહકાર સરાહનીય રહ્યો.



# જેન્ડર બાયસ અને મહિલા સશક્તિકરણ : સમસ્યાઓ અને ઉકેલો



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ૨૭/૦૮/૨૦૨૦ના રોજ 'જાતિ બાયસ અને મહિલા સશક્તિકરણ સમસ્યાઓ અને ઉકેલો' વિષય પર માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની આકર્ષક ઉપસ્થિતિમાં વેબિનારનું આયોજન કરાયું હતું.

આ વેબિનાર સ્ત્રી-સંવેદનશીલતા સાથે ગોઠવવામાં આવ્યો હતો. શ્રીમતી શૈલજા અંધારે (પ્રમુખ, સ્ત્રી ચેતના, ગુજરાત) એ ભાગ લેનારાઓને આવકાર્યા હતા અને વેબિનારના મુદ્દાઓ સમજાવ્યા હતા. પ્રખ્યાત વક્તા, ડો. મનીષા કોઠેકર, (ભારતીય મહિલા શક્તિ, ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી)એ મહિલા સશક્તિકરણ માનવ સશક્તિકરણ સમાન છે એમ કહીને એક નિવેદનાત્મક નોંધનીય ટિપ્પણી કરી. જો સ્ત્રી સશક્તિકરણ કરવામાં આવે તો તેના પરિવાર, સમાજ અને મોટા પ્રમાણમાં રાષ્ટ્ર સશક્ત બને છે. તો, મુખ્ય અતિથિ અને વક્તા, શ્રીમતી રેખા શર્મા (અધ્યક્ષ, રાષ્ટ્રીય મહિલા આયોગ, દિલ્હી) એ મહિલાઓના મૂળભૂત અધિકારો જેમ કે, જન્મનો અધિકાર, નિર્ણય કરવાનો અધિકાર વગેરે અધિકારોની જરૂરિયાત પર ભાર મૂક્યો. તો, માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, પ્રારંભિક યુગમાં એક વ્યક્તિની સામાજિક પરિસ્થિતિ, સામાજિક જવાબદારી, સામાજિક વાતાવરણ, શિક્ષણ દ્વારા જ્ઞાન આપવામાં આવતું, સમકક્ષ સમાજની સ્થાપના માટે છોકરીઓ અને મહિલાઓની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બનવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે વિશ્વભરમાં મહિલા સશક્તિકરણની વાત કરવામાં આવે છે, ત્યારે માનનીય વડાપ્રધાન મહિલા-નેતાઓ નિર્મલા સીતારમણજી, શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી, સ્વ. સુષ્મા સ્વરાજજી, દ્વારા મહિલા સશક્તિકરણની શરૂઆત કરી છે. આ વેબિનાર વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો અને વિવિધ ઉપકરણો દ્વારા જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો, અધિકારીઓ અને હોદ્દેદારોની ભાગીદારી અને સહકાર પ્રાપ્ત થયો હતો. ડૉ. અર્ચના મિશ્રા, (આસિસ્ટન્ટ પ્રોફેસર)એ વેબિનારમાં આમંત્રિત પ્રખ્યાત વક્તાઓ અને મહેમાનોનો આભાર માન્યો. આ વેબિનાર દ્વારા અને વક્તાઓના સંબોધનમાં, મહિલાઓની સંવેદનશીલતા પ્રતિબિંબિત થઈ હતી જે સમાજને 'મહિલા સશક્તિકરણ'ની સાચી દિશા તરફ દોરી જશે.

# વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે વેબિનાર યોજાયો


તા.૧૦/૦૯/૨૦૨૦ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ સંચાલિત ‘અત્રિ’ સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટર અને બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ ફોર મેન્ટલ હેલ્થ, અમદાવાદનાં સહિયારા આયોજનથી ‘વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ’ નિમિત્તે ‘Suicide Prevention : Unlocking the truth’ વેબિનારનું આયોજન માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમીબેન ઉપાધ્યાયની અધ્યક્ષતામાં આયોજન કરવામાં આવેલ. ઉપરોક્ત વેબિનારમાં નિષ્ણાત તરીકે ડૉ. મધુ સિંગ, નિયામકશ્રી, બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ ફોર મેન્ટલ હેલ્થ, અમદાવાદ, ડૉ. સુહાસ દોષી, સાયકોલોજિસ્ટ અને શ્રી મીનાક્ષી ગુપ્તા, કાઉન્સેલર, બી. એમ. ઈન્સ્ટીટયુટ ફોર મેન્ટલ હેલ્થ પોતાના તજજ્ઞીય મંતવ્યો રજૂ કર્યા હતાં. કાર્યક્રમની આભારવિધિ નિયામક શ્રી(S.S.) ડૉ. આવા શુક્લાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ‘અત્રિ’ સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટરના સંયોજકશ્રી ડૉ. નિગમ બી. પંડ્યાએ કર્યું હતું.






# ભારતેન્દુ હરિશ્ચંદ્રજીની જયંતીની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ દ્વારા તા.૦૯/૦૯/૨૦૨૦ને બુધવારે, હિન્દી ભાષા અને સાહિત્યના પિતામહ ભારતેન્દુ હરિશ્ચંદ્રજીની જન્મજયંતિની ઉજવણીનું માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં ગૂગલ મીટ વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. વનમાલા બાવીસ્કર (આસિસ્ટન્ટ પ્રોફેસર હિન્દી)એ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું. ડો. અર્ચના મિશ્રા (આસિસ્ટન્ટ પ્રોફેસર હિન્દી વિભાગ)એ કાશીના મૂર્ધન્ય નાટ્યવિદ્ શ્રી કુંવરજી અગ્રવાલ દ્વારા લખાયેલ લેખ ‘ભારતેન્દુની નાટ્ય રચના પ્રક્રિયાનો ક્રમિક વિકાસ’ વાંચ્યો હતો. ભારતેન્દુના વ્યક્તિત્વનો પરિચય ડો. વિરલ પટેલે આપ્યો અને કાર્યક્રમનું સમાપન ડૉ. વિરલ પટેલે આભારવિધિ સાથે કર્યું હતું.



# સપ્તાહાત્મક ઓનલાઈન સંસ્કૃત સંભાષણવર્ગ કાર્યશાળા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ અને સંસ્કૃત-ભારતી, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે એક સપ્તાહાત્મક ઓનલાઈન સંસ્કૃત સંભાષણવર્ગ કાર્યશાળાનું વિશ્વસ્તરીય નિઃશુલ્ક આયોજન તા. ૨૭-૦૭-૨૦૨૦ થી તા.૦૪-૦૮-૨૦૨૦ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં સંસ્કૃત ભાષા શીખવા માટે કુલ ૧૬૫૨ રજિસ્ટ્રેશન થયા, જેમાં સમગ્ર વિશ્વમાંથી દરેક વર્ગ અને સમાજના લોકો જોડાયા હતા.

કાર્યક્રમની સફળતા માટે ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા પૂજ્ય ભાઈશ્રી (રમેશભાઈ ઓઝાજી)નો શુભ સંદેશ પ્રાપ્ત થયો હતો. આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ‘‘વેદ અને વૈદિક સંસ્કૃતિના સંપૂર્ણ અભ્યાસ માટે તેમજ સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે સંસ્કૃત ભાષાનું જ્ઞાન આવશ્યક છે.’’ પૂજ્ય ભાઈશ્રીએ પોતાના સંદેશમાં સંસ્કૃત ભાષાને સંસ્કૃતિરૂપી વૃક્ષનું મૂળ ગણાવતાં કહ્યું કે, ‘‘જો મૂળ નહિ હોય તો વૃક્ષનું અસ્તિત્વ સંભવ નથી. ભારતીય હોવા માટે સંસ્કૃતનું થોડું ઘણું પણ જ્ઞાન હોવું આવશ્યક છે, કારણ કે ‘‘वसुधैव कुटुंबकम्’’ એ આપણી ઓળખ છે અને સંસ્કૃત ભાષા એ કોઈ પણ ભેદ વગર સમગ્ર વિશ્વનું કલ્યાણ કરવાનું સામર્થ્ય ધરાવે છે.’’

તા.૨૭-૦૭-૨૦૨૦ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં કાર્યશાળાનું ઉદ્‌ઘાટન સત્ર યોજાયું, જેમાં મુખ્ય અતિથિ વિશેષ શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી અને સંસ્કૃત-ભારતીના અધ્યક્ષ પ્રો. ગોપબન્ધુ મિશ્રજી ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વિશિષ્ટ અતિથિ તરીકે સંસ્કૃત-ભારતીના પશ્ચિમ ક્ષેત્ર સંઘટન મંત્રી, શ્રી હિમાંજય પાલીવાલજી ઉપસ્થિત રહ્યા હતા. શ્રી હિમાંજય પાલીવાલજીએ ‘સંસ્કૃત ભારતની રાજભાષા બને’ એ ડૉ. ભીમરાવ આંબેડકરજીના સ્વપ્નને યાદ કરતાં કહ્યું કે, ‘‘સંસ્કૃત શીખવું અને બોલવું કઠિન છે એવી આપણી ધારણા આ કાર્યશાળામાં જોડાયા બાદ અસત્ય સિદ્ધ થશે અને આપણે આત્મવિશ્વાસથી કહી શકીશું કે સંસ્કૃત ભાષા સરળ છે અને તેને બોલી પણ શકાય છે.’’ ઉદ્‌ઘાટન સત્રના મુખ્ય અતિથિ પ્રો. ગોપબન્ધુ મિશ્રજીએ સંસ્કૃતને ભારતની પ્રાણભૂત ભાષા ગણાવતાં કહ્યું કે, ‘‘સંસ્કૃત એ સમગ્ર વિશ્વને એકસૂત્રમાં બાંધવા સમર્થ છે. જેમ કોઈપણ પુષ્પની સુગંધ માણવા માટે પુષ્પ હોવું જરૂરી છે, તરસ છીપાવવા માટે જળ હોવું જરૂરી છે, તેમ આપણે વેદ-ઉપનિષદોને જાણીએ છીએ, પરંતુ તેનું રસપાન કરવા માટે સંસ્કૃત જરૂરી છે.’’ કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે પણ કહ્યું કે, ‘‘સંસ્કૃત ભાષા પૂજનીય તો છે જ પણ આપણે તેને પ્રેમ કરવાનો છે, દરેક ભારતીયને સંસ્કૃત સાથે જોડવાનો છે.’’ સમગ્ર ઉદ્‌ઘાટન સત્રનું સંચાલન યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપક ડૉ. આનંદ પંડ્યાએ કર્યું હતું. તેમજ મંગલાચરણ અને અતિથિઓનું ધન્યવાદ જ્ઞાપન યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપિકા શ્રી ખુશબૂ મોદીએ કર્યું હતું. એકાત્મતા મંત્રના ગાન સાથે ઉદ્‌ઘાટન સત્ર પૂર્ણ થયું હતું. પ્રસ્તુત એક સપ્તાહાત્મક કાર્યશાળામાં શિક્ષક તરીકે કર્ણાવતી મહાનગર શિક્ષણ પ્રમુખ, સંસ્કૃત-ભારતી શ્રી રાજેન્દ્રભાઈ મહેતાએ પોતાની અમૂલ્ય સેવા પ્રદાન કરી હતી.

તા.૦૪-૦૮-૨૦૨૦ના રોજ યોજાયેલ પ્રસ્તુત કાર્યશાળાના સમાપન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે સંસ્કૃત ભારતીના અખિલ ભારતીય સંઘટન મંત્રીશ્રી દિનેશ કામતજી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સંસ્કૃત ભાષાનું આધુનિક પરિપ્રેક્ષ્યમાં મહત્ત્વ સમજાવ્યું. તેમણે કહ્યું કે, ‘‘આપણે ભારતીય મટીને Indian બની ગયા છીએ, ભારતીય જીવનશૈલી ભૂલી ગયા છીએ, અંગ્રેજીના પ્રભાવ હેઠળ આવતા ગયા છીએ. આપણે મૂળ તરફ પાછા જવાનું છે.’’ સંભાષણની વાત કરતાં તેમણે કહ્યું કે, ‘‘संस्कृतेन चिंतनम्, संस्कृतेन भाषणम्’’.... સંસ્કૃતમાં વિચારવાનું શરૂ કરો, સંસ્કૃતમાં આપમેળે બોલતા થશો. નવી શિક્ષણનીતિમાં ‘માતૃભાષામાં શિક્ષણ’ની બાબતને પણ તેમણે બિરદાવી હતી. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે આત્મનિર્ભર ભારતની વાત કરતાં કહ્યું કે, ‘‘આપણને આપના દેશની સાથે આપણી સંસ્કૃતિ અને આપણી સ્વભાષા પર પણ ગર્વ હોવો જોઈએ.’’


પ્રસ્તુત કાર્યશાળાના શિક્ષકશ્રી રાજેન્દ્રભાઈ મહેતાએ પોતાનો સાત દિવસનો અનુભવ વ્યક્ત કર્યો. કાર્યશાળામાં ભાગ લેનાર પ્રતિભાગીઓમાંથી ત્રણ પ્રતિભાગીઓએ પણ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા, તેમજ અન્ય પ્રતિભાગીઓએ સંસ્કૃત ગીત, સ્તોત્ર, કથા અને ગીતા શ્લોકગાન દ્વારા પોતાની અભિવ્યક્તિ કરી હતી. સમગ્ર સમાપન સત્રનું સંચાલન ડૉ. આનંદ પંડ્યાએ કર્યું હતું, તેમજ મંગલાચરણ અને અતિથિઓનું ધન્યવાદ જ્ઞાપન શ્રી ખુશબૂ મોદીએ કર્યું હતું. એકાત્મતા મંત્રના ગાન સાથે ઉદ્ઘાટન સત્ર પૂર્ણ થયું હતું.

પ્રસ્તુત કાર્યશાળાના આયોજનની સાથે જ તા.૩૧-૦૭-૨૦૨૦ થી તા.૦૬-૦૮-૨૦૨૦ દરમિયાન 'સંસ્કૃત સપ્તાહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે સંસ્કૃત સ્તોત્રગાન સ્પર્ધા, ગીતા-શ્લોકવાચન સ્પર્ધા, સુભાષિતગાન સ્પર્ધા, કથાકથન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, સ્વપરિચય સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવ્યું. આ તમામ સ્પર્ધાઓમાં ઘણાં બધા પ્રતિભાગીઓ જોડાયા, જેમાં ૮ વર્ષથી લઈને ૭૦ વર્ષની ઉંમર સુધીના વ્યક્તિઓ સામેલ હતા. આ તમામ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ અભિવ્યક્તિ દર્શાવનાર પ્રથમ ત્રણ પ્રતિભાગીઓને સંસ્કૃત સપ્તાહના અંતિમ દિવસે પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવ્યાં હતાં. આ સંસ્કૃત સપ્તાહ ગૂગલ મીટ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા સફળ રહ્યો.













# સ્વતંત્રતા દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રાંગણમાં ૧૫/૦૮/૨૦૨૦ના રોજ માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય અને કાર્યકારી કુલસચિવ ડૉ. ભાવિન ત્રિવેદી દ્વારા ધ્વજવંદન સાથે ‘સ્વતંત્રતા દિવસ’ની ઉજવણી કરવામાં આવી. તમામ કર્મચારી સભ્યો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા પર પુષ્પાંજલી અર્પી હતી. આ શુભ પ્રસંગે ભારતમાતાના બહાદુર પુત્રોનું સ્મરણ કરવામાં આવ્યું હતું અને સાચા અર્થમાં ‘આત્મનિર્ભર’ બનવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. રાષ્ટ્રીય  શિક્ષણનીતિ ૨૦૨૦ના અભિગમને પરિપૂર્ણ કરવા યુનિવર્સિટી માટે નવા માઈલસ્ટોન પ્રાપ્ત કરવા અને આખરે સકારાત્મક રાષ્ટ્ર નિર્માણ માટે પણ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.











## યુનિવર્સિટીનાં અભ્યાસકેન્દ્રો પર થયેલી પ્રવૃત્તિની ઝાંખી

### પરિચય બેઠક :

યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો પર સમયાન્તરે અભિમુખતા બેઠકનું આયોજન પણ કરવામાં આવે છે. જેમાં યુનિવર્સિટીના જ કર્મચારીઓ હાજર રહીને વિદ્યાર્થીઓને પુસ્તકો, પ્રવેશ-પ્રક્રિયા, એસાઈમેન્ટ, પરીક્ષા ફોર્મ, પરીક્ષા, પરિણામ, અને અભ્યાસકેન્દ્રની અને યુનિવર્સિટીની દરેક પ્રવૃત્તિ વિશે જાણકારી આપવામાં આવે છે.





### પુસ્તક વિતરણ :

યુનિવર્સિટીની પ્રવેશ-પ્રક્રિયા પૂર્ણ થતાંની સાથે જ યુનિવર્સિટી તરફથી પુસ્તકો અભ્યાસકેન્દ્રને મળવાની સાથે જ વિદ્યાર્થીઓને ટેલિફોનિક અથવા તો મેસેજ દ્વારા જાણ કરવામાં આવે છે યુ.જી. અને પી.જીનાં વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે તારીખ અને સમય અનુસાર વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે.





### પરીક્ષા :

યુનિવર્સિટીની પરીક્ષાનું આયોજન અને સમયપત્રક મુજબ પરીક્ષાખંડની અગાઉથીથી જ વ્યવસ્થા કરવામાં આવે છે. તમામ વર્ગખંડોમાં **CCTV** કેમેરાની સગવડ ઊભી કરવામાં આવે છે અને પી.જી. થયેલા સુપરવાઈઝરોની પસંદગી કરવામાં આવે છે. **CCC**ની પરીક્ષા પણ યોજવામાં આવી હતી.

### ઓનલાઈન પરામર્શન :

કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અભ્યાસકેન્દ્રો પર રૂબરૂ બોલાવીને પરામર્શન કરવાને બદલે ઓનલાઈન પરામર્શન કરવામાં આવ્યું હતું. ઓનલાઈન પરામર્શનનો અનેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લાભ લીધો હતો.



# વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી

## ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ગોધરા ખાતે 'ડિપ્લોમા ઈન જર્નાલિઝમ' સહિત આઠ નવા અભ્યાસક્રમોને મંજુરી

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. એ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૪માં શરૂ કરવામાં આવી હતી જે સ્નાતક અને અનુસ્નાતક સહિત વિવિધ વ્યવસાયલક્ષી અભ્સાક્રમો ચલાવે છે.

આ યુનિ. શિક્ષણ મેળવવા ઈચ્છુક પ્રત્યેક વ્યક્તિ માટે ઘરે બેઠા અભ્યાસક્રમો કરવાની તકો પુરી પાડે છે. ત્યારે ગોધરાની કોમર્સ કોલેજ ગોધરા ખાતે આવેલું ૧૬૦૧ કેન્દ્ર પણ આજે વર્ષ ૨૦૦૦ થી આ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે સતત કાર્યરત છે સ્થળ, સમય અને વય મર્યાદાઓથી મુક્ત આ યુનિ. Education For All' ના સુત્રને ચરિતાર્થ કરે છે.

આ યુનિ. ના ગોધરા કેન્દ્રને વર્ષ ૨૦૨૦ થી ડિપ્લોમાં ઈન જર્નાલીઝમ સહિત કુલ ૮ નવા અભ્યાસક્રમો તાજેતરમાં જ યુનિ. દ્વારા મંજુરી અપાઈ છે.

યુનિ. ના કુલપતિ ડો. અમીબેન ઉપાધ્યાયની તાજેતરની ગોધરા કેન્દ્રની મુલાકાત બાદ તરત જ આ નવા ૮ અભ્યાસક્રમોને મંજુરી મળતા સંસ્થાના પ્રમુખશ્રી ગોપાલસિંહજી સોલંકીએ યુનિ.નો આભાર માની નવા અભ્યાસક્રમો માટેની તૈયારીઓ શરૂ કરવા કેન્દ્રને સુચના અને માર્ગદર્શન આપ્યા છે.

આ કેન્દ્રના સંયોજક પ્રો. અરૂણસિંહ સોલંકી દ્વારા નવા અભ્યાસક્રમો શરૂ કરવા અંગેની કાર્યવાહી શરૂ કરી છે આ માટે યુનિ. પાસેથી જરૂરી તમામ વિગતો મંગાવવામાં આવી રહી છે. અને ફાઈનલ આ માસના અંતે જ ફોર્મ ભરાય તેવા પ્રયાસો શરૂ કર્યા છે ત્યારે આ અભ્યાસક્રમોનો આ વિસ્તારના વિદ્યાર્થીઓ લાભ લે તેવી અપીલ પ્રો. સોલંકીએ કરી છે.

### સંતરામપુર તાલુકા પંચાયત કચેરીના મુખ્ય ગેટને કોરોનાનું સંક્રમણ અટકાવવા બંધ કરાયો

સંતરામપુર તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા કોરોના વાયરસનું સંક્રમણ વધે નહી તે માટે પંચાયત કચેરીનો મુખ્ય ગેટ બંધ કરી દીધો હતો જેને કારણે

### ગુજકેટની પરીક્ષા ૨૪ ઓગસ્ટે લેવાશે
### ૭ ઓગસ્ટ સુધી ગુજકેટના ઓનલાઈન આવેદનપત્રો ભરાશે

ગુજરાત માધ્યમીક અને ઉચ્ચત્તર માધ્યમીક શિક્ષણ બોર્ડ

## ગોધરા ખાતે અભિમુખતા બેઠક યોજાઈ




ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. ગોધરા ખાતે પુસ્તકો લેવા માટે આવેલા વિદ્યાર્થીઓ માટે સોશ્યલ ડીસ્ટન્સનું ખાસ પાલન કરી, સેનેટાઈઝ અને માસ્કની કાળજી રાખી બી.એડ. કોલેજ ગોધરાના ડો. પી. જે. ડોડીયાર, પ્રો. અરૂણસિંહ સોલંકી અને અજીતસિંહ ચૌહાણ દ્વારા અભિમુખતા બેઠક યોજી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ડો.બા.આ.ઓ.યુ. ગોધરા ખાતે સફાઈ અભિયાન



ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. ગોધરા ખાતે પુસ્તકો લેવા માટે આવેલા વિદ્યાર્થીઓના સથવારે સોશ્યલ ડીસ્ટન્સનું ખાસ પાલન કરી સફાઈ અભિયાન કાર્યક્રમ સંયોજક અરૂણસિંહ સોલંકીની અધ્યક્ષતામાં યોજાયો હતો.

## કોરોના જાગૃતિ અંગે પ્રયાસ
## ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. ગોધરા દ્વારા 'નિબંધ સ્પર્ધા' યોજાશે

ગોધરા

'કોરોના મહામારીમાં વિદ્યાર્થીઓની ભૂમિકા' આ વિષય પર સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે આવેલ ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. દ્વારા આ કેન્દ્રના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા રાખવામાં આવેલ છે. આશરે ૩૦૦ શબ્દોમાં લખવાના આ નિબંધને પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમના વિજેતાઓને રોકડ ઈનામ તેમજ ભાગ લેનાર તમામને કેન્દ્ર તરફથી 'સર્ટીફીકેટ' આપવામાં આવશે તેમ કેન્દ્રના કોર્ડિનેટર પ્રો. અરૂણસિંહ આર. સોલંકી દ્વારા જણાવવામાં આવે છે.

નિબંધ હસ્તલિખિત અથવા કોમ્પ્યુટર પર તૈયાર કરી કેન્દ્રના મેઈલ આઈ ડી baougodhara1601@gmail.com પર અથવા રૂબરૂમાં કેન્દ્ર ખાતે તા. ૭-૮-૨૦૨૦ સુધીમાં મોકલવાનો રહેશે.

માત્ર વિજેતાઓને ફોન કરી જાણ કરવામાં આવશે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઓનલાઈન પ્રમાણપત્ર આપવામાં આવશે.




સંપાદક: ડૉ. જાગૃતિ જે. મહેતા
સહસંપાદક: ડૉ. દિલ્પેશ વ્યાસ
ઓફસેટ: દર્શિત શાહ
ફોટોગ્રાફી : ચૈતન્ય સ્ટુડિયો (BAOU)